# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "A" (3.02) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ–૩૮૪૨૬૫ (ઉ.ગુ.)


**પરિપત્ર નં.– ૭૫ /૨૦૨૦.**

**વિષય : શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯–૨૦ નું ઉનાળુ વેકેશન લંબાવવા બાબત...**

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગનો પત્રાંક પરચ/૨૦૧૮/૬૧/ખ–૧, તારીખ : ૦૮/૦૫/૨૦૨૦.
(૨) શિક્ષણ વિભાગનો પત્રાંક પરચ/૨૦૧૮/૬૧/ખ–૧, તારીખ : ૧૩/૦૪/૨૦૨૦.
(૩) શિક્ષણ વિભાગનો પત્રાંક No.CRN/102020/150322020/KH-2, Date : 15/03/2020.
(૪) આ યુનિવર્સિટીના પરિપત્ર નં.– એકે/જનરલ//૧૦૪૧૯/૨૦૨૦, તારીખ : ૧૪/૦૪/૨૦૨૦.

આથી આ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રીઓ/સંયોજકશ્રીઓ, કેમ્પસની ઈન્સ્ટીટયૂટના સંયોજકશ્રીઓ તથા સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ઉપર સંદર્ભ–૪ તળેના અત્રેના પરિપત્રથી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯–૨૦ નું ઉનાળુ વેકેશન તારીખ : ૧૫/૦૪/૨૦૨૦ થી તારીખ : ૧૬/૦૫/૨૦૨૦ (બન્ને દિવસો સહિત) જાહેર કરવામાં આવેલ હતુ. સંદર્ભના શિક્ષણ વિભાગના તારીખ : ૦૮/૦૫/૨૦૨૦ ના ઉપરોકત સંદર્ભિત પત્ર અન્વયે શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯–૨૦ નું ઉનાળુ વેકેશન હાલના નોવેલ કોરોના વાયરસ (કોવિડ–૧૯) ની મહામારીની આકસ્મિક પરિસ્થિતિને ધ્યાને લઈ ઉનાળુ વેકેશન તારીખ : ૨૦/૦૬/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે. જેની નોંધ લઈ તે અંગેની વિદ્યાર્થીઓને તથા સંબંધિતોને આપના સ્તરેથી જાણ કરવા વિનંતી છે.

વધુમાં, યુનિવર્સિટીની વિવિધ પરિક્ષાઓ યોજવા અંગે તેમજ શૈક્ષણિક સત્ર ૨૦૨૦–૨૧ અંગે UGC તથા રાજય સરકારશ્રીનું માર્ગદર્શન મળ્યા બાદ આગળની પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવામાં આવશે. વૈશ્વિક મહામારીને ધ્યાને લઈ યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રીઓ, તથા સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ અને તમામ કર્મચારીઓને ટેકનોલોજીના માધ્યમથી સંસ્થાના વડા સાથે જોડાઈ રહેવા સૂચના આપવામાં આવે છે. તથા રાજય સરકારશ્રી દ્વારા વખતો વખત જે કોઈ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવે, તેનું તમામ સંચાલકો/અધ્યાપકો/કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

કા.કુલસચિવ

નં.– એકે/જનરલ/ ૮૯ /૨૦૨૦.
તારીખ : ૧૪/૦૫/૨૦૨૦.

પ્રતિ,
૧. આ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષશ્રીઓ / સંયોજકશ્રીઓ.
૨. આ યુનિવર્સિટી કેમ્પસની ઈન્સ્ટીટયુટના સંયોજકશ્રીઓ.
૩. આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ.
૪. આ યુનિવર્સિટીની તમામ વહીવટી શાખાઓના વડાશ્રીઓ.
૫. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવા સારૂ.)
૬. આંકડાકીય શાખા તરફ તમામ કોલેજો અને વિભાગોને ઈ–મેઈલ કરવા સારૂ.
૭. ગ્રંથપાલશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ. (ઉદીચ્યમાં પ્રસિધ્ધિ સારૂ.)
૮. શાખાની સંબંધિત ફાઈલે.

C:/MUKUND/WORD FILE/PARIPATRA.docx